

## સે-૧૧માં અખબાર ભવન ખાતે શરદપૂનમના ગરબા યોજાયાં

શરદ પૂનમની રઢીયાળી રાતે ખીલેલી શ્વેત ચાંદનીના સથવારે ગાંધીનગરના સેક્ટર-૧૧માં અખબાર ભવન ખાતે સૌપ્રથમવાર શહેરના પત્રકાર મિત્રો દ્વારા ગરબાનું આયોજન રવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખબાર ભવન ખાતે કાર્યરત ઉપરાંત શહેરના અન્ય પ્રેસ-મિડીયા સંસ્થાઓના સંચાલકો, તંત્રીઓ, પત્રકારો, કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ મોટી સંખ્યામાં ભાગ લઈને માતાજીની આરતી ઉતાર્યા બાદ ગરબે રમ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે કાર્યક્રમમાં સામેલ તમામ માટે શરદ પૂનમ નિમિત્તે સ્વાદિષ્ટ દૂધ-પૌંઆના પ્રસાદ અને ગરમાગરમ મેથીના ગોટાના અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# 'પોલીસ શહિદ સ્મૃતિ દિવસ' ઉજવાયો

## રાષ્ટ્રહિત સર્વપ્રથમની કર્તવ્યભાવનાને પોલીસ-સુરક્ષા દળો સાચા અર્થમાં ઊજાગર કરે છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યકત કર્યો છે કે રાષ્ટ્ર અને રાજ્યની રક્ષા માટે સતત ખડેપગે રહેતા પોલીસ, સુરક્ષા દળના જવાનોએ 'રાષ્ટ્રહિત સર્વપ્રથમ'ની કર્તવ્યભાવના સાચ અર્થમાં ઊજાગર કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વિકાસના પાયામાં પોલીસ દળની ફરજપરસ્તી અને પ્રજાના જાન-માલની સુરક્ષા માટેની પ્રતિબદ્ધતા પડેલી છે. અનેક કર્તવ્યનિષ્ઠ પોલીસ કર્મીઓ પોતાના જાનની પરવા કર્યા વિના અને ઘર પરિવારની ચિંતા પણ કર્યા વિના દેશ-રાજ્ય માટે બલિદાન આપીને અમર થઈ જાય છે.

પોતાની ફરજ દરમ્યાન વીરગતિને વરેલા પોલીસ કર્મીઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવા ''પોલીસ શહિદ સ્મૃતિ દિવસ'' અવસરે ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા.





ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે આવા વીરગતિ પ્રાપ્ત પોલીસ કર્મીઓને અંજલિ કે શહિદ કર્મીઓના પરિવારોને સાંત્વના પાઠવવાના કોઈ શબ્દો જ નથી એવું વીરતાભર્યુ તેમનું કર્તવ્ય છે.

રાજ્ય કે દેશમાં અસામાજીક તત્વો, પ્રજાને રંજાડનારા ગૂનાહિત લોકો માથું ન ઊંચકે, નિર્દોષને કોઈ કનડગત ન થાય તે માટે દિવસ-રાત ફરજ પર તૈનાત પોલીસ દળ બાહ્ય તત્વો સામે સફળતાપૂર્વક બાથ ભીડવાની વીરતા દાખવતું રહે છે.

એટલું જ નહિ કોરોના જેવી વિશ્વવ્યાપી મહામારી દરમ્યાન પણ પોલીસ દળના જવાનોએ કોરોના વોરિયર્સ તરીકે સેવાઓ આપી છે.

### દેશમાં ૧૦૦ કરોડ જનતાને કોવિડ વેક્સિનેશન આપી વૈશ્વિક સિદ્ધિ મેળવવા બદલ

# ગાંધીનગરના સ્વાસ્થ્ય કર્મયોગીઓને પોલીસ બેન્ડ થકી અભિનંદન

## સ્વાસ્થ્ય સેવા કર્મયોગીઓનું સન્માન નહિ, પણ આ કાર્ય બદલ બે હાથ જોડી નમન કરવું જોઇએ : ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશીભર્યા નેતૃત્વ હેઠળ ભારતની ૧૦૦ કરોડ જનતાને કોવિડ વેક્સિનેશન આપી વૈશ્વિક સિદ્દિ્ધ મેળવી છે. આ સિદ્દિ્ધ સ્વાસ્થ્ય સેવાના નિષ્ઠાવાન કર્મયોગીઓનું યોગદાન મૂલ્યવાન છે. તેમનું સન્માન નહિ, પણ આ કાર્ય બદલ બે હાથ જોડી નમન કરવું જોઈએ, તેવું આજરોજ ગાંધીનગરના સેકટર- ૨, અર્બન હેલ્થ સેન્ટર ખાતે યોજાયેલ સ્વાસ્થ્ય સેવા કર્મચારીઓના અભિનંદન સમારંભમાં રાજ્ય ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.





ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા દેશમાં ૧૦૦ કરોડ નાગરિકોને રસી આપવાનું ઉમદા કાર્ય કરનાર સ્વાસ્થ્ય સેવાના કર્મચારીઓને અભિનંદન પાઠવવાના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ ભગીરથ કાર્યને ખૂબ જ સરળતાથી કરનાર સર્વે કોવિડ રસીકરણ સાથે સંકાળાયેલા તમામ કર્મયોગીઓનું પુષ્પ ગૃચ્છ આપીને સન્માન કર્યુ હતું.

આ સન્માન સમારંભમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં કોવિડ રસીકરણનું અભિયાન શરૂ થયું હતું. ત્યારે લોકો વિચારતા હતા કે, ભારત દેશ આટલી મોટી જનસંખ્યાને કયારે રસી આપી શકશે. પણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ થકી આ કામ આપણે શરૂ કરીને ખૂબ જ ટુંકા સમયમાં દેશના ૧૦૦ કરોડ નાગરિકોને રસી આપીને કોવિડ સામે સુરક્ષિત કર્યો છે.

તેમણે ઉમેર્યુ હતું કે, આટલા મોટા દેશમાં આ કામ ખૂબ કપરું હતું. તે છતાં આરોગ્ય સેવા સાથે સંકાળાયેલા ડાંકટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ અને અન્ય કર્મયોગી થકી ગામેગામ આ રસીકરણનું કામ ઝુંબેશ રૂપે શરૂ થયું હતું. જેની ફલશ્રુતિ રૂપે આજે ૧૦૦ કરોડની રસીકરણનો આંક હાંસલ કર્યો છે. ભારતની આ શક્તિને જોઈને વિશ્વના સૌ કોઈ લોકો વિચાર કરતા થઈ ગયા છે. આ કામ સાથે સાથે લોકોમાં કોવિડ રસીકરણને લઈ મનમાં ઉદ્દ્ભવતા અનેક સવાલો સામે લોક જાગૃતિ પણ લાવવામાં આવી છે. આજે સર્વે લોકો વિશ્વાસભેર રસી લઈ રહ્યા છે.




ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં આરોગ્ય સમિતિ દ્વારા નેશનલ હેલ્થ મિશનના ઉપક્રમે યોજાયેલ ઓરિએન્ટેશન કાર્યક્રમમાં ૧૦૦ કરોડ વેક્સિનેશનની સિદ્ધિની ઉજવણી કરાઈ હતી. સભ્યો માય નેશન કમ્લીટેડ ૧૦૦ કરોડ વેક્સિનેશનની ખાસ સેલ્ફીઓ પણ લઈ સોશ્યલ મિડિયામાં વાઈરલ કરી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના હોદ્દેદારોની આજે વરણી થતાં કાર્યકરો મોટી સંખ્યામાં મનપાની કચેરીએ ઉમટ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં વેક્સિનેશનની સંખ્યા ૧૦૦ કરોડે પહોંચતાં સવારે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંજે રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર પર પહોંચ્યા હતા. બે દિવસમાં અર્બન હેલ્થ સેન્ટર સે. ૨ ની ૪ મંત્રીઓએ મુલાકાત લીધી છે મનપા માટે જે એક મહત્વની ઘટના છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વેક્સિનેશનનો લક્ષ્યાંક ૧૦૦ ટકા સિદ્ધ થયો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે યોજાયેલ આયુર્વેદના બે નિદાન કેમ્પમાં સાતસોથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.
- જિલ્લા ભાજપના ૮ જેટલા વિવિધ સેલના સંયોજકોની નિમણુંક કરવામાં આવી છે.

# વાવોલ નારાયણ નગર ખાતે વડીલને ગડદા પાટુનો માર માર્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નારાયણ નગર ખાતે રહેતા પાડોશી દંપતિએ બાજુમાં રહેતા વડીલ સાથે દિવાલના ભાગે અંગે તકરાર કરીને ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો.જયારે દંપતિના દિકરાએ વડીલના ઘરની બારીના કાચ તોડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે અનિલ મારવાડીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ નારાયણ નગર મકાન નં.૧૭૧ ખાતે મુળ રાજસ્થાનના જેઠાભાઈ મારવાડી વસવાટ કરે છે. જયારે જેઠાભાઈનો દિકરો અનિલ બાંધકામ ક્ષેત્રે સંકળાયેલ છે. આજે બપોરના સમયે તેઓએ તેમના દિકરા અનિલને ફોન કરીને જણાવ્યું હતું કે બાજુમાં રહેતા પાડોશી મનુભાઈ રાવળ તેમના પત્ની અને દિકરા મારી સાથે ઝઘડો કરે છે. તુ નારાયણ નગર આવ. જેથી અનિલભાઈ ઘરે પહોંચતા જોયુ તો તેમના પિતાજી જોડે બાજુમાં રહેતા પાડોશી દંપિત અને તેમના દિકરો બોલાચાલી કરી રહ્યા હતા. ત્યારબાદ અચાનક ત્રણેય જણાએ જેઠાભાઈને ગડદાપાટુનો માર મારી ગાળો બોલી હતી. ત્યારે મનુભાઈ રાવળના દિકરા દિનેશે ઉશ્કેરાઈ જઈને તેમના ઘરની બારીના કાચ તોડી નાંખીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી પોલીસ મથકે ફરીયાદ નોંધવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ઉવારસદ ખાતે અર્ટીંકા કારની અડફેટે ૬૦ વર્ષિય મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક ઉવારસદ ખાંટ વાસ ખાતે બપોરના સમયે કાર ચાલકે મહિલાને અડફેટે લેતા ચકચાર મચી જવા પામી હતી. ૬૦ વર્ષિય મહિલાને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક ઉવારસદ ખાંટ વાસ ખાતે બપોરના સમયે બનવા પામ્યો હતો. ઉવારસદ ખાંટ વાસ ખાતે રહેતા ગજીબેન ચુંથાજી ઠાકોર (ઉં.૬૦) બપોરના સમયે પોતાના ઘરની નજીક આંટો મારી રહ્યા હતા. તે સમયે પુરપાટ ઝડપે અચાનક આવી ગયેલી અર્ટીગા કાર નં. જી.જે.૧૩.એ.એચ.-૪૪૮૬ ના ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી ગજીબેન માર્ગ પર પટકાયા હતા.અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો હતો. જયારે ગજીબેનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેઓને સારવાર માટે હોસ્પિટલ તાત્કાલીક લઈ જવાયા હતા. જયાં સારવાદ દરમિયાન ગજીબેનનું મૃત્યુ થયું હતું. અકસ્માત અંગે મૃતકના ભત્રીજા શૈલેષ પુંજાજી ઠાકોરે કાર ચાલક રણજીતજી ઉર્ફે રેન્જો ઠાકોર સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળી તપાસ હાથ ધરી છે.

### વિરોધનો અધિકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણા સરકારે સંયુક્ત કિસાન મોરચા અંતર્ગત ૪૩ ખેડૂત સંગઠનોને પક્ષકાર બનાવવાની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.

આ મામલે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, હાઈવે અને રસ્તાઓને જામ ન કરવા જોઈએ, કાયદો પહેલેથી જ નક્કી છે. અમે તેને વારંવાર દોહરાવી ન શકીએ. તેને લાગુ કરવું એ કાર્યપાલિકાનું કર્તવ્ય છે.

### દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાનના રૂમથી લઈને અન્ય ચીજોનું સર્ચ ઓપરેશન કરી રહી છે. એનસીબીએ આર્યન પર 'ઈન્ટરનેશનલ ડ્રગ્સ તસ્કરી'નો આરોપ લગાવ્યો હતો. આવામાં એનસીબીને શક છે કે આર્યન પાસેથી કેટલાક વધુ પુરાવા મળી શકે છે.

સૂત્રોના જણાવ્યાં મુજબ એનસીબીએ શાહરૂખ ખાનની મેનેજર પૂજાને મન્નતમાં એક નોટિસ આપી છે. આ નોટિસમાં લખ્યું છે કે જો આર્યન ખાન પાસે કોઈ અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈસ હોય તો તેના પરિવારે તે એનસીબી પાસે જમા કરાવવાનો રહેશે. આ ઉપરાંત આર્યન ખાન સંલગ્ન ડોક્યુમેન્ટ્સ પણ માંગ્યા છે. જેમાં તેના એજ્યુકેશન સંલગ્ન ડોક્યુમેન્ટ્સ પણ સામેલ છે. જો તેની કોઈ મેડિકલ હિસ્ટ્રી હોય તો તેના પણ ડોક્યુમેન્ટ માંગવામાં આવ્યા છે. જેમાં દવાઓની જાણકારી અને અન્ય પ્રિસ્ક્રિપ્શન સામેલ છે. આ સાથે જ વિદેશમાં જ્યાં પણ આર્યને ટ્રાવેલ કર્યું તે સંબંધિત ડોક્યુમેન્ટ્સ પણ માંગ્યા છે. શાહરૂખ ખાનના ઘરે એનસીબીના અધિકારી વીવી સિંહ પહોંચ્યા. તેમનું કહેવું છે કે તપાસ સંલગન થોડું પેપરવર્ક રહી ગયું હતું જેના માટે તેઓ આવ્યા છે.

અત્રે જણાવવાનું કે ૨૦ ઓક્ટોબરના રોજ કોર્ટમાં આર્યનની જામીન પર સુનાવણી પહેલા એનસીબીએ કહ્યું હતું કે તેમણે કોર્ટમાં આર્યનની વોટ્સએપ ચેટ્સ સબમિટ કરી દીધી છે. એનસીબીએ તે વખતે કહ્યું હતું કે પોલીસને ડ્રગ્સ સંબંધિત જે વોટ્સએપ ચેટ્સ મળી છે તે કથિત રીતે આર્યન અને એક ડેબ્યુ અભિનેત્રી વચ્ચેની છે. જો કે તે સમયે એનસીબીએ અભિનેત્રીના નામનો ખુલાસો કર્યો નહતો. એનસીબીએ તેના ઘરે પણ દરોડો પાડ્યો હોવાનું કહેવાય છે.

અન્ય એક ચોંકાવનારા સમાચાર એ છે કે બોલિવૂડ અભિનેત્રી અને ચંકી પાંડેની પુત્રી અનન્યા પાંડેના ઘરે પણ એનસીબીની ટીમ પહોંચી ગઈ હતી. કહેવાય છે કે અભિનેત્રીનું વોટ્સએપ ચેટમાં નામ આવ્યું હતું. એનસીબીએ અનન્યા પાંડેને બપોરે પૂછપરછ માટે બોલાવી હતી. આર્યન ખાનની ચેટથી અનન્યા પાંડેના તાર જોડાયેલા હોવાની વાત સામે આવી રહી છે. મળતી માહિતી મુજબ એનસીબીએ અનન્યા પાંડેના ઘરેથી કેટલાક ફોન, લેપટોપ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ જપ્ત કર્યા છે. એનસીબીને મળેલી વોટ્સએપ ચેટ્સમાં સામે આવ્યું હતું કે આર્યન ખાન અને અનન્યા પાંડે વચ્ચે વાતચીત થઈ હતી. એનસીબીના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડે અનન્યા પાંડેની પૂછપરછ કરશે. તેઓ ઈન્વેસ્ટિગેશનની તૈયારી કરી રહ્યા છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)એ હવે શાહરૂખ ખાનના ઘર મન્નતમાં દરોડા પાડ્યા છે. ગુરુવારે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમ શાહરૂખ ખાન અને ગૌરી ખાનના ઘરે પહોંચી હતી. એનસીબીના અધિકારીઓના હાથમાં કેટલાક દસ્તાવેજો જોવા મળી રહ્યા હતા. જે પરથી લાગી રહ્યું છે કે, તેઓ સર્ચ ઓપરેશન માટે આવ્યા છે.

બીજી તરફ મુંબઈ ક્રૂઝ શિપ ડ્રગ્સ કેસનો રેલો એક્ટર ચંકી પાંડેના ઘર સુધી પહોંચ્યો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની એક ટીમ ગુરુવારે બપોરે એક્ટ્રેસ અનન્યા પાંડેના ઘરે પહોંચી હતી. અનન્યા ચંકી પાંડેની દીકરી છે. એક મહિલા અધિકારી સાથે એનસીબીની ટીમ અનન્યાના ઘરે પહોંચી હતી. અહીં થોડી જ વારમાં સર્ચ ઓપરેશન પૂરું કર્યા બાદ તેઓ શાહરૂખના ઘરે પહોંચ્યા હતા.

એનસીબીએ અનન્યા પાંડેને સમન પાઠવ્યું છે અને પૂછપરછ માટે બોલાવી છે. ઉલ્લેખનીય છે કે, એક દિવસ અગાઉ જ મીડિયામાં અહેવાલો વહેતા થયા હતા કે, આર્યન ખાનની વોટ્સએપ ચેટમાં એક ડેબ્યૂ કરવા જઈ રહેલી એક્ટ્રેસ સાથેની ચેટ મળી આવી હતી. એનસીબીએ કોર્ટમાં દાવો કર્યો હતો કે, આર્યન અને આ એક્ટ્રેસ જણાવી દઈએ કે, અનન્યા પાંડે શાહરૂખ ખાનની દીકરી સુહાનાની બેસ્ટ ફ્રેન્ડ છે. એટલું જ નહીં અનન્યા અને આર્યન પણ સારા મિત્રો છે. ઉપરાંત અનન્યાના પેરેન્ટ્સ ચંકી અને ભાવના પાંડે પણ શાહરૂખ અને ગૌરીના મિત્રો છે.

# ઝુંડાલ કેનાલ પાસે હત્યા અને લુંટ કરનારી ટોળકી ઝડપાઈ

## કેનાલ પાસે છરી બતાવી પ્રોફેસર પાસેથી મોબાઈલ, લેપટોપ અને રોકડા રૂપીયાની લુંટ ચલાવી હતી, માનસિક રીતે ત્રસ્ત યુવક પ્રેમી પંખીડા પર હુમલો કરતો હતો. ત્રણેય આરોપી એક જ ગામના રહેવાસી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઝુંડાલ નર્મદા કેનાલ ખાતે આજથી દસ દિવસ અગાઉ બેસી રહેલા યુગલ પૈકી યુવક પર ઉપરા-છાપરી છરીના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવનાર શખ્સને અન્ય ગુનાઓમાં સંડોવાયેલા તેના બે સાગરીતો સાથે એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. આ કડાદરાની ટોળકીએ કેનાલ પાસે એક પ્રોફેસરને છરી દેખાડી લેપટોપ અને રોકડ લુંટી લીધી હતી. ત્યારે પ્રેમી યુવકની હત્યા કરનાર આરોપીની પુછપરછમાં પોતાના લગ્ન થતા ન હોવાથી માનસિક રીતે ત્રસ્ત થઈ કેનાલ પાસે કોઈપણ યુગલને દેખે એટલે તેમના પર હુમલો કરતો હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી છે. આ ટોળકીએ ખુન, ખુનની કોશીષ, લુંટ, ઘરફોડ ચોરી, વાહન ચોરી મળી કુલ-૧૦ ગુનાના ભેદ ગાંધીનગર એલસીબી-૧ પોલીસે ઉકેલી દીધા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ જુના વાડજ સાબરનગર ખાતે રહેતી ૨૧ વર્ષિય છાયા અમરસિંહ પારગી તેના પરિચિત યુવક અજય પ્રવિણભાઈ સાગર સાથે ગત તા.૧૦ ઓક્ટોબરના રોજ કેનાલ પાસેના સર્વિસ માર્ગ પર એકટીવા પર બેઠા હતા. તે સમયે અજાણ્યો શખ્સ બાઈક દુર મુકીને તેમની પાસે આવ્યો હતો. તેમ અહીં કેમ બેઠા છો.. શું કરવા આવ્યા છો.. તેમ કહીને બોલાચાલી કરવા લાગ્યો હતો. તે સમયે યુગલે જતા રહેવાની પણ તૈયારી દર્શાવી હતી. પરંતુ અચાનક શખ્સે છરી કાઢી યુવક પર હુમલો કર્યો હતો. જયારે યુવતિ બચાવવા વચ્ચે પડતા તેને પણ છરી વાગતા ઈજા પહોંચી હતી. યુવતિએ હોહા કરી મુકતા એક કાર ચાલક મદદે આવતા બાઈક લઈને શખ્સ ભાગી ગયો હતો. જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું.

ઘટનાના બે ત્રણ દિવસ બાદ ઉવારસદ કર્ણાવતી કેમ્પસમાં યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શુભમ ભારતી ચાંદખેડા ખાતે મિત્રનું લેપટોપ લેવા માટે જઈ રહ્યા હતા. તે સમયે ઝુંડાલ નર્મદા કેનાલ સર્વિસ માર્ગ પર સીગારેટ પીવા માટે ઉભા હતા. તે સમયે બાઈક પર ત્રણ શખ્સો પસાર થયા હતા. તેઓએ બાઈક દુર ઉભુ રાખીને શુભમભારતી તરફ છરી લઈ દોટ મુકી હતી. જેથી પ્રોફેસર ગાડીમાં બેસી ગયા હતા. ત્રણ શખ્સો આગળ પાછળ ગોઠવાઈ ગયા હતા. તે સમયે પ્રોફેસર પાસેથી લેપટોપ, મોબાઈલ અને રોકડા રૂપીયાની લુંટ ચલાવી હતી.

કેનાલ પર ગંભીર ઘટનાને પગલે સ્થાનિક પોલીસ, એલસીબી તેમજ એસઓજી પોલીસની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. ત્યારે તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે નિકોલ કેનાલ ખાતે પણ આ પ્રકારની ઘટના બની હતી. પોલીસની ટીમોએ ૧૮ કિ.મી.ના વિસ્તારમાં પુછતાછ કરીને ટેકનીકલ માહિતી મેળવી હતી. તે ઉપરાંત સીસીટીવી કેમેરાના ફુટેજ, મોબાઈલ લોકેશન, શંકાસ્પદ વાહનો અને આરોપીઓની પુછતાછ કરાઈ હતી.જયારે આરોપીનો સ્કેચ તૈયાર કરીને ચોતરફ તપાસ આરંભી હતી. આખરે પોલીસે કડાદરા ગામના રીઢા ગુનેગાર વિપુલ ઉર્ફે નિલ વિષ્ણુભાઈ પરમાર (રહે. બંસીની ચાલી નરોડા મુળ કડાદરા, દહેગામ), તેના સાગરીત દિપક કલાજી ઠાકોર (રહે. કડાદરા ગામ), કિરણ ઉર્ફે ગેડ્યો આતાજી ઠાકોર(રહે. સુથારવાસ કડાદરા ગામ તા,દહેગામ), ની પકડી પાડ્યો હતો.

આ અંગે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમાએ વિપુલ પરમાર હુમલાનો મુખ્ય આરોપી છે. જયારે તેના બે સાગરીત પણ પકડાયા છે. જયારે વિપુલ પરમારની માનસિક રીતે અસ્વસ્થ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આરોપી દહેગામના કડાદરાનો વતની છે. તે કડદારા ખાતે રહેતો હતો. અગાઉ પણ તે કેટલાક ગુનામાં પોલીસના હાથે આવી જતા ત્રણ વર્ષ જેલવાસ પણ ભોગવ્યો છે.લગ્ન માટે તેણે છોકરીઓ જોઈ હતી, પરંતુ લગ્ન ન થતા યુગલને જોતા જ તે તેમના પર હુમલો કરતો હતો. વિવિધ કારણોને પગલે તે માનસિક બિમાર થઈ ગયો હતો. તેના પિતાએ બીજા લગ્ન કર્યા હોવાથી સાવકી માતા વિપુલ સાથે ભેદભાવ રાખથી હોવાથી તે ઉશ્કેરાયેલ રહેતો હતો. વિપુલે શાદી ડોટ કોમમાં નામ નોંધાવ્યું હતું. તેણે એક યુવતિનો સંપર્ક પણ કર્યો હતો. પરંતુ તેની માતા લગ્ન કરવા દેતી ન હોવાથી તે ઉશ્કેરાટમાં રહેતો હતો.



જે નાગરીકો ભોગ બન્યા હતા તેમની પાસેથી આરોપીઓનું વર્ણન મળ્યું હતું. તે વર્ણન એક સરખુ આવતુ હતું. હુમલો કરનાર શખ્સ કોઈ કારણ વિના હુમલો કરતો હતો. જેથી પોલીસ પાસે માત્ર ભોગ બનનાર દ્વારા આપવામાં આવેલ વર્ણન એકમાત્ર આધાર હતો. આ વર્ણનને પગલે પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. ગાંધીનગર પોલીસે લુંટ, હત્યા, વાહનચોરી, ઘરફોડ, હત્યાની કોશીશ સહિત ૧૦ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલી કાઢ્યો છે.